જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૨/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૨૯/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૫૫ | ૫ | ૧૧૦૬૦ | ૧૭૧૮૬ | ૫ | ૧૭૧૯૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૮૩ | ૦ | ૪૬૮૩ | ૬૨૦૬ | ૦ | ૬૨૦૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૩૬૯૨ | ૨૫૨ | ૨૩૯૪૪ | ૨૪૮૭૧ | ૨૭૭ | ૨૫૧૪૮ |
| કુલ | | ૩૯૪૯૨ | ૨૫૭ | ૩૯૭૪૯ | ૪૮૫૨૩ | ૨૮૨ | ૪૮૮૦૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯૬ | ૧૪,૨૬,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૮૭૧ | ૩૮,૭૧,૦૦૦/- |

# <u>વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## ઈસનપુર પોલીસ સ્ટેશન

## ચોરીની એકટીવા સાથે બે આરોપીઓને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનો  ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૩/૧૨/૨૦૨૦ ના કલાક ૧૮/૦૦ વાગે મિલ્લતનગર ઢાળ પાસેથી લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇનાઓની સયુક્ત બાતમીથી આરોપીઓ (૦૧) મુસ્તાક ઉર્ફે બટકો સ/ઓ રજાકભાઇ મહંમદભાઇ શેખ ઉ.વ ૨૩ રહે,ઇગલ ટી-સ્ટોલની સામે ચંડોળા તળાવના છાપરા શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર તથા (૦૨) હુસેન ઉર્ફે કાલીયા સ/ઓ મજીદભાઇ અબ્દુલભાઇ શેખ ઉ.વ ૨૪ રહે, ઇગલ ટી-સ્ટોલની સામે ચંડોળા તળાવના છાપરા શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનાઓને એક એકટીવા નંબર GJ-27-AF-4075 જેનો એ.નં JF50ET1159437 તથા ચેસીસ નં. ME4JF502FET158739 કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૧૮૨૮/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૨૫/૧૨/૨૦૨૦

# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>મેઘાણીનગર પોલીસ સ્ટેશન</u>

## <u>મિલકત સંબંધી તથા શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ચોરી તથા મારામારી ગુનામાં પકડાયેલ આરોપી નામે ધિરેન્દ્ર ઉર્ફે જોન્ટી સ/ઓ જયેશભાઈ શંકરલાલ જાતે દંતાણી ઉ.વ.૨૦ રહે.ફોજદારની ચાલી, સાંઈનાથ ફ્લેટની સામે, હીરાવાડી, બાપુનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૦૨૦૦/૨૦ ઈ.પી.કો કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૬, ૪૨૭ મુજબ તથા નં.(૨) એલીસબ્રીજ પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૪૨૦૦૧૦૪/૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૩૧૩/૨૦ ઈ.પી.કો કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૬, ૪૨૭, ૨૯૪(ખ) મુજબ તથા નં.(૪) શાહપુર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૦ ૦૯૧૯/૨૦ ઈ.પી.કો કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૪૧૯/૨૦૨૦ તા.૨૫/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૨૫/૧૨/૨૦૨૦ ના કલાક ૨૩/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે <u>"ખાસ જેલ-પાલારા ભુજ"</u> ખાતે મોકલી આપેલ છે.તા.૨૫/૧૨/૨૦૨૦

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

(૧) લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ (૨) લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦
(૩) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦ (૪) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫

## વટવા પોલીસ સ્ટેશન

## મિલ્કતસંબંધી તથા પ્રોહીબીશનના ગુનાઓના ૨(બે) આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. ખાતે દાખલ થયેલ એક મિલ્કત સબંધી ગુનાઓ તેમજ એક પ્રોહીબીશનના ગુનામાં અલગ અલગ ૨(બે) આરોપીઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે.પો.કમિ.શ્રી નાઓએ પાસા હુકમ કરતા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ બંન્ને પાસાના આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી રજુ કરતા આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

અ.નં. (૧) આફતાબ ઉર્ફે હોબો સ/ઓ અબુસલામ શેખ ઉવ.૧૯ રહે- બ્લોક નં.૨૬/૮૨૨, વસંત ગજેન્દ્ર ગડકર નગર ચાર માળિયા, સદભાવના ચોકીની સામે, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પોલીસ સ્ટેશન તેમજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ગુનાઓ પૈકી (૧) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૧૪૦/૨૦૧૯ ઈપીકો કલમ- ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ તથા (૨) માધવપુરા પો.સ્ટે. પાર્ટ-એ-૧૧૧૯૧૦૧૦૨૦૧૫૭૭/૨૦૨૦ ધી ઈપીકો કલમ- ૩૭૯ તથા (૨) વટવા પો.સ્ટે. પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૮૨૦૧૦૩૦/૨૦ ધી ઈપીકો કલમ- ૩૮૦, ૪૫૪, ૧૧૪ મુજબના મિલ્કતસબંધી ગુનાઓને ધ્યાને લઈ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૪૧૪/૨૦૨૦ તા.૨૫/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમ કરેલ હોય આરોપીને તા.૨૫/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૩૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

અ.નં. (૨) ઈરફાન સ/ઓ નીઝામુદ્દીન જાતે-વોરા ઉવ.૩૩ રહે- મ.નં.૧૬૪૧ સુરતી સોસાયટી પાણીની ટાંકી પાસે સુન્ની ગોસીયા મસ્જીદની બાજુમાં રામોલ અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૩૮૨૦૦૨૪૫/૨૦ ધી પ્રોહી કલમ- ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના પ્રોહીબીશન ગુનાને ધ્યાને લઈ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૪૧૮/૨૦૨૦ તા.૨૫/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમ કરેલ હોય આરોપીને તા.૨૫/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૫૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૫ કેસ કરી, ૮૭ વ્યક્તિઓને ઝડપી, ૫૨૮ લીટર દેશી દારૂ, ૫૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૨/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** કૃણાલભાઇ મનુભાઇ પટેલ (ઉ.વ.૩૫) (રહે. શ્યામપાર્ક સરદારચોક કૃષ્ણનગર) તા.૨૪/૧૨/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે રંગ સાગર સોસાયટી આગળ એસ.બી.આઈ. એટીએમ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ કૃણાલભાઈના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કૃણાલભાઇ પટેલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૩/૨૦૨૦**

**નરોડાઃ** જીવીબહેન વા/ઓ ગોવિંદભાઇ ઠાકોર (ઉ.વ.૩૯) (રહે. મોટો ઠાકોરવાસ હરીપ્રકાશ સોસાયટી સામે નરોડા ગામ) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૨૦૨૦ સવારના ૧૦/૩૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ અને દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિહ ભીમસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી